# સામાજિક વિજ્ઞાન

ધોરણ : 8 ( Semester 2 )

Chapter 8: ભારતની સમસ્યાઓ અને ઉપાય

**પ્રશ્ન 1 : નીચે આપેલા દરેક પ્રશ્નના જવાબ માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી, તેનો ક્રમ-અક્ષર પ્રશ્નની સામે આપેલા ચોરસ લખો :** **[10 Mark]**

1 ભારતની મોટા ભાગની સમસ્યાઓનું મૂળ કયું છે ?

[A] ગરીબી [B] વસ્તી વિસ્ફોટ

[C] બેકારી [D] નિરક્ષરતા

2 ઈ.સ.2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં કેટલાં કરોડ વસ્તી થઈ છે ?

[A] 114 [B] 118

[C] 116 [D] 121

3 દેશના વિકાસને અવરોધતું મોટું પરિબળ કયું છે ?

[A] રોગોમાં વૃધ્દ્ધિ [B] બાળમૃત્યુ

[C] નિરક્ષરતા [D] સ્ત્રીઓની ઘટતી સંખ્યા

4 નવા વિચારો, શોધો કે જ્ઞાનને સમજવા શું અનિવાર્ય છે ?

[A] ધન-દૌલત [B] શારીરિક વિકાસ

[C] શિષ્યવૃત્તિ [D] સાક્ષરતા

5 ઈ.સ. 2009થી શિક્ષણ અંગે કયો કાયદો અમલમાં આવ્યો છે ?

[A] D.T.E. [B] R.T.E.

[C] M.T.E. [D] S.T.E.

6 આપણા દેશની ગંભીર સમસ્યા કઈ છે ?

[A] બાળમજૂરી [B] ગરીબી

[C] ગંદા વસવાટો [D] સાદી ખેતી

7 ગુજરાતમાં ગરીબીરેખા નીચે જીવતા લોકોની ટકાવારી કેટલી છે ?

[A] 22.2 % [B] 10.5 %

[C] 8.9 % [D] 14.7 %

8 ભારતીય સમાજનું સૌથી મોટું દૂષણ કયું છે ?

[A] ભ્રષ્ટાચાર [B] બેકારી

[C] બાળમજૂરી [D] ગંદા વસવાટો

9 કેટલાં વર્ષથી વધુ ઉંમરના રોજગાર વિનાના લોકોને બેકાર ગણવામાં આવે છે ?

[A] 15 [B] 18

[C] 16 [D] 17

10 કઈ પ્રવૃત્તિ રાષ્ટ્રના વિકાસમાં અવરોધક છે ?

[A] લૂંટફાટની [B] સંગ્રહખોરીની

[C] આતંકવાદની [D] કાળાબજારની

bharatlimbdi@gmail.com

પ્રશ્ન 2 : બંધબેસતાં જોડકાં રચો : [ 5 Mark ]

| વિભાગ 'અ' | વિભાગ 'બ' | |
|---|---|---|
| ( 1 ) વસ્તી વધારો | ( A ) સમાજ માટે કલંકરૂપ | |
| ( 2 ) નિરક્ષરતા નિવારણ | ( B ) રોજગારીની તકોનું સર્જન | |
| ( 3 ) ગરીબી નિવારણ | ( C ) R.T.E. | |
| ( 4 ) મોંધવારીથી બચાવ | ( D ) સમજદારીપૂર્વકનું જીવન ધોરણ | |
| ( 5 ) ભ્રષ્ટાચાર | ( E ) તમામ સમસ્યાઓનું સર્જન | |
| | ( F ) આમ પ્રજા માટે શિરદર્દ | |

પ્રશ્ન 3 : યોગ્ય શબ્દો કે અંકો વડે નીચેનાં વિધાનોની ખાલી જગ્યાઓ પૂરો : [ 5 Mark ]

1 તમામ સમસ્યાઓના મૂળમાં ................................................ છે.

2 ચીજવસ્તુઓના ભાવવધારાને .......................................................... કહેવાય છે.

3 ............................ ના દૂષણને અટકાવવા ભારત સરકારે ઈ.સ.1988થી કાયદાની જોગવાઈ કરી છે.

4 વ્યક્તિ સાથે બિનકાયદાકીય અનીતિભર્યો વ્યવહાર એટલે .........................................

5 નોકરી કે રોજગારીની તકોમાં વધારો ન થવાથી પણ .................................... માં વધારો થયો છે.

પ્રશ્ન 4 : નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો : [ 5 Mark ]

1 વધતી જતી વસ્તીને લીધે જ દેશમાં થયેલી પ્રગતિમાં વૃધ્ધિ દેખાય છે.

2 વસ્તીવિસ્ફોટ રોકવા ભારત સરકારે નિયમનકારી પગલાં લીધાં છે.

3 ટેક્નોલૉજી અને યાંત્રિક ખેતીથી લોકોની આવકમાં વધારો થયો છે.

4 ભ્રષ્ટાચારને લીધે મોંઘવારીને ઉત્તેજન મળે છે.

5 બેકારીને લીધે શહેરોમાં વસ્તી વધતી જાય છે.

bharatlimbdi@gmail.com